# Day to Day Current Affairs

**9.Dec 2015**

## ૧. IPL માં રાજકોટ સહીત 2 નવી ટીમની એનટ્રી :

- આગામી IPL – 9 માં બે નવી ટીમો રાજકોટ અને પૂણે ને સ્થાન મળ્યું છે.
- આ ટીમો IPC માં બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવેલી ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સનુ સ્થાન લેશે.
- રાજકોટની ટીમને નરેન્દ્ર બંસલની માલિકીવાળી મોબાઈલ કંપની ઈન્ટેક્સે ખરીદી છે, જયારે પૂણેની ટીમ 'આરપી- સંજીવ ગોયન્કા ગ્રુપ' ના ચેરમેન સંજીવ ગોયન્કાએ ખરીદી છે.
- પૂણી 16 કરોડની તથા રાજકોટે 10 કરોડની ન્યુનતમ બોલી લગાવી આથી કરાર મુજબ હવે 'આરપી- સંજીવ ગોયુન્કાગ્રુપ બીસીસીઆઈને વાર્ષિક 16 કરોડ અને ઈન્ટેક્સ વાર્ષિક 16 કરોડ અને ઈન્ટેક્સ વાર્ષિક કરોડનું પેમેન્ટ કરશે.
- આ બંને નવી ટીમ IPC માં બે વર્ષ માટે રમશે.

## ૨. 58માં ગ્રેમી એવોર્ડ માટે બે ભારતીય નામાંકીત થયા :

- લોસ એન્જલસ ખાતે યોજનાર 58મા ગ્રેમી એવોર્ડ માટે સિતારવાદક અનુષ્કા શર્મા અને દિગ્દર્શક આસિફ કાપડિયાને નામાકિત કરાયા છે.
- અનુષ્કા શર્માને તેના સર્વશ્રેષ્ઠ વિશ્વસંગીત હોમ આલ્બમ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. આ આલ્બમ ભારતીય શાસ્ત્રીય સંગીત પર આધારીત છે.
- ભારતીય – બ્રિટીશ દિગ્દર્શક કાપડિયાને સર્વશ્રેષ્ઠ સંગીત ફિલ્મની શ્રેણીમાં નામાંકિત કરવામાં આવ્યા છે. તેમને આ માન પોપ ગાયિકા એમિ વાઇનહાઉસ પર આધારિત ડોકટુમેન્ટ્રી એમિ માટે મળ્યું છે.
- આ સમારંભ 15 ફેબ્રુઆરી 2016માં યોજવામાં આવશે.

## 3. વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન પ્લેયર ઓફ ધ યર :

- તાજેતરમાં વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન દ્વારા પ્લેયર ઓફ ધ યર એવોર્ડ જાહેર કરાયા હતાં.
- પુરૂષ વિભાગમાં ચીનના ચેન લોંગને જ્યારે મહિલા વિભાગમાં સ્પેનની કેરોલીના મારીનને એવોર્ડ એનાયત કરાયો હતો.
- ભારતીય સ્ટાર બેડમિંટન સાઇના નેહવાલ પણ આ રેસમાં હતી પરંતુ ટાઇટલ મેળવી શકી ન હતી.

## ૪. ઓલ ઇન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનીકલ એજ્યુકેશન એવોર્ડ :

- ભારત સરકાર અને કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ઉધોગો સંલગ્ન એન્જિનિયરિંગ અને પોલીટેકનીક સંસ્થા તરીકે ગુજરાતની પારૂલ યુનિવર્સિટીને રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો.
- આ ઉપરાંત ભારત સરકાર દ્વારા વર્ષ 2015 માં ટેકનિક શિક્ષણ ક્ષેત્રે આપવામાં આવેલ 22 પ્લેટીનમ એવોર્ડસ પૈકી 14 પ્લેટીનમ એવોર્ડસ વડોદરા ખાતેની પારૂલ યુનિવર્સિટીને આપવામાં આવેલ છે.

## પ્રશ્નો

૧. આગામી IPL 9માં કઈ બે નવી ટીમને સ્થાન મળ્યુ છે ? … રાજકોટ અને પૂણે.

૨. રાજકોટની ટીમને કોના દ્વારા ખરીદવામાં આવી ? … ઈન્ટેક્સ (મોબાઈલ કંપની ).

૩. પૂણેની ટીમને કોના દ્વારા ખરીદવમાં આવી ? …. ;આરપી – સંજીવ ગોયન્કા ગૃપ'.

૪. રાજકોટ અને પૂણેની ટીમનો IPC માં કેટલા વર્ષ માટે સમાવેશ કરાયો છે ? … બે.

૫. 58મો ગ્રેમી એવોર્ડ ક્યારે અને કયાં યોજાશે ? … 15 ફેબ્રુઆરી, 2016 – લેસ એન્જલસ.

૬. 58મો ગ્રેમી એવોર્ડ માટે ક્યાં બે ભારતીયોની નાંમાકિત કરવામાં આવ્યા છે ? અનુષ્કા શર્મા (સિતાર વાદક ), આસિફ કાપડીયા (દિગ્દર્શક).

૭. તાજેતરમાં વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન દ્વારા પુરૂષ વિભાગમાં પ્લેયર ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત થયો ? … ચેન લોંગ (ચીન).

૮. વર્લ્ડ ફેડરેશન ઓફ બેડમિન્ટન દ્વારા મહિલા વિભાગમાં પ્લેયર ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત કરાયો ? … કેરોલીના મારીન (સ્પેન).

૯. તાજેતરમાં ભારત સરકાર દ્વારા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન એવોર્ડ – 2015 ગુજરાતની કઈ એકમાત્ર યુનિ, ને એનાયત થયો ? …. પારૂલ યુનિવર્સિટી, વડોદરા.

Vivekanand Academy Gandhinagar